### ફરિયાદી અને તેના પુત્રના નામે આશરે ૧.૩૮ કરોડનું રોકાણ કર્યું

# વિશ્વાસઘાત અને આર્થિક છેતરપિંડી કરવાના વધુ એક મોટા કેસનો પર્દાફાશ થયો

## સુરતમાં ઊંચા વળતરની લાલચે રિસોર્ટમાં રોકાણ કરાવ્યું, બાદમાં ભાગીદારોને જ પ્રોજેક્ટમાંથી તારવી દેનાર ૩ની ધરપકડ




સુરત શહેરમાં રોકાણકારોને આકર્ષક નફાની લાલચ આપી મોટા પ્રોજેક્ટમાં રોકાણ કરાવ્યા બાદ વિશ્વાસઘાત અને આર્થિક છેતરપિંડી કરવાના વધુ એક મોટા કેસનો પર્દાફાશ થયો છે. તાપી સરહદ નજીક આવેલા લક્કડકોટ વિસ્તારમાં શરૂ કરાયેલા રિસોર્ટ અને રેસ્ટોરન્ટ પ્રોજેક્ટમાં રોકાણ કરનાર ભાગીદારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી થયાનો મામલો સામે આવતા સુરત શહેર પોલીસની ઈકો સેલ હરકતમાં આવી હતી. આ કેસમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે સમગ્ર મામલાની વધુ તપાસ ચાલુ છે.

મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્ર રાજ્યના નંદુરબાર જિલ્લાના નવાપુર તાલુકાના લક્કડકોટ ગામે આવેલી જમીન પર ROCCIA HILL RESORT & ADVENTURE PARK, ROCCIA HILL RESOR તેમજ જલસા બાર એન્ડ રેસ્ટોરન્ટ નામના પ્રોજેક્ટ વિકસાવવાનો પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટને ઊંચા વળતર અને લાંબા ગાળાના નફાકારક રોકાણ તરીકે રજૂ કરી સુરતના વેપારીઓ અને રોકાણકારોને ભાગીદાર બનાવવામાં આવ્યા હતા.

ફરિયાદી ચંદ્રેશભાઈ જયંતિલાલ લાકડાવાલા અને તેમના પુત્ર સાથે ભાગીદારી કરાર કરવામાં આવ્યો હતો. ભાગીદારી ડીડના આધારે વિવિધ રોકાણકારો એ કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હતું. ચંદ્રેશભાઈએ પોતાના પુત્રના નામે આશરે રૂ. ૧.૩૮ કરોડનું રોકાણ કર્યું હતું. ઉપરાંત પરિવારજનો, પરિચિતો અને અન્ય ભાગીદારો દ્વારા પણ કરોડો રૂપિયાની મૂડી પ્રોજેક્ટમાં લગાવવામાં આવી હતી. તપાસમાં સામે આવ્યું છે કે ગૌતમ બાબુલાલ જૈન, પરેશ હરિલાલ પરમાર અને પ્રવિણભાઈ પરમાર સહિત અન્ય રોકાણકારોએ પણ પોતાના પરિવારજનોના નામે રોકાણ કર્યું હતું.અંદાજે રૂ. ૫.૫૦ કરોડથી વધુનું સીધું રોકાણ કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે, જ્યારે કુલ નફો અને હિસ્સા સહિતનો વિવાદિત આંકડો રૂ. ૧૨.૬૩ કરોડ સુધી પહોંચ્યો હોવાનું કહેવાય છે. આરોપીઓએ શરૂઆતમાં રોકાણકારોનો વિશ્વાસ જીતવા માટે સમયસર વળતર ચૂકવ્યું હતું. નિયમિત રિટર્ન મળતા રોકાણકારોએ વધુ મૂડી પણ લગાવી હતી, પરંતુ થોડા સમય બાદ વળતર આપવાનું બંધ કરી દેવામાં આવ્યું અને ભાગીદારોને હિસાબ આપવાનો પણ ઇનકાર કરવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.મામલો ત્યારે વધુ ગંભીર બન્યો જ્યારે "જલસા બાર એન્ડ રેસ્ટોરન્ટ"નું નામ બદલીને "હોટેલ ગ્રાન્ડ કાર્નિવલ પરમીટ રૂમ એન્ડ બીયર બાર" રાખી દેવામાં આવ્યું અને મૂળ ભાગીદારોને પ્રોજેક્ટમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો. ફરિયાદીઓનો આરોપ છે કે તેમને ભાગીદારીમાંથી એકતરફી રીતે બહાર કરી દેવામાં આવ્યા અને પ્રોજેક્ટ પરનો તેમનો હક પણ સમાપ્ત કરી દેવામાં આવ્યો. આ સમગ્ર કાવતરામાં આરોપી ખુશમન ભાઈ પટેલ, પુનિતાબેન પટેલ, સ્મીત પટેલ ઉપરાંત ભરત બાબુરાવ ગાવીત અને યશવંત બાબુરાવ શિરસાઠની સંડોવણી દર્શાવવામાં આવી છે.

તમામે મળીને પૂર્વયોજિત રીતે રોકાણકારો પાસેથી પૈસા ઉઘરાવી બાદમાં વિશ્વાસઘાત કર્યો હોવાનો આક્ષેપ છે. ફરિયાદના આધારે સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ હેઠળ કલમ ૩૧૬(૫) અને ૬૧(૨) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. કેસ નોંધાયા બાદ ઈકો સેલે ટેક્નિકલ સર્વેલન્સ, હ્યુમન ઇન્ટેલિજન્સ અને બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ગોપાલેશ્વર સોસાયટી, તાડવાડી, રાંદેર રોડ વિસ્તારમાં રહેતા આરોપી ખુશમનભાઈ રેવાશંકરભાઈ પટેલ, પુનિતાબેન ખુશમનભાઈ પટેલ અને સ્મીત ખુશમનભાઈ પટેલની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. જ્યારે અન્ય આરોપીઓ અંગે તપાસ આગળ વધારવામાં આવી રહી છે.

સુરત શહેર પોલીસના સૂત્રો મુજબ શહેરમાં વધતા આર્થિક ગુનાઓ અને ઝડપી નફાની લાલચ આપી થતી છેતરપિંડી સામે ઈકો સેલ સતત કાર્યવાહી કરી રહી છે. વેપારીઓ અને રોકાણકારોને કોઈપણ પ્રોજેક્ટમાં મૂડીરોકાણ કરતા પહેલા દસ્તાવેજો, ભાગીદારી કરાર, માલિકી હક્ક અને નાણાકીય વ્યવહારોની સંપૂર્ણ તપાસ કરવા પણ અપીલ કરવામાં આવી છે. હાલ આ કેસમાં વધુ રોકાણકારો સામે આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સાથે જ પ્રોજેક્ટ સંબંધિત નાણાકીય વ્યવહારો, મિલકત હસ્તાંતરણ અને ભાગીદારી દસ્તાવેજોની પણ વિગતવાર તપાસ ચાલી રહી છે. કરોડો રૂપિયાના આ કથિત વિશ્વાસઘાતના કેસે સુરતના વેપારી વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે.

### બ્લાસ્ટ થતા ૪ ફેક્ટરીઓ ઝપેટમાં આવતા મેજર કોલ જાહેર

# ગાંધીનગરના સાંતેજમાં વેક્સની ફેક્ટરીમાં ભીષણ આગ લાગી



## ભારે અફરાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો હતો ત્યારે હાલ ફાયર વિભાગે મેજર કોલ જાહેર કરી આગને કાબૂમાં મેળવવાના પ્રયાસો હાથ ધર્યા છે...

ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં આવેલા કલોલ સાંતેજ ઇન્ડસ્ટ્રિયલ એરિયામાંથી ભીષણ આગ લાગી હોવાના મોટા સમાચાર સામે આવી રહ્યા છે. સાંતેજમાં આવેલી એક વેક્સ (મીણ) બનાવતી ફેક્ટરીમાં આજે બપોરના સમયે અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આગે એટલું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું કે તેની જ્વાળાઓ આજુબાજુની અન્ય ફેક્ટરીઓ સુધી પહોંચી ગઈ હતી. જેથી આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો હતો. ત્યારે હાલ ફાયર વિભાગે મેજર કોલ જાહેર કરી આગને કાબૂમાં મેળવવાના પ્રયાસો હાથ ધર્યા છે.

મળતી માહિતી મુજબ, સાંતેજની ફેક્ટરીમાં છેલ્લી એક કલાકથી વધુ સમયથી ભીષણ આગ તાંડવ મચાવી રહી છે. આગની તીવ્રતા એટલી વધારે છે કે તેના ધુમાડાના કાળા ગોટેગોટા કેટલાય કિલોમીટર દૂરથી પણ સ્પષ્ટ જોઈ શકાય છે. આ ભયાનક દ્રશ્યોના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ લોકોમાં ચિંતાનો માહોલ ફેલાયો છે. ત્યારે ઘટનાની ગંભીરતાને જોતા ફાયર વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે 'મેજર કોલ' જાહેર કરવામાં આવ્યો છે. આસપાસની અન્ય કંપનીઓમાં કામ કરતા મજૂરો અને કર્મચારીઓને તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, વેક્સ કેમિકલ હોવાને કારણે આગે વિકરાળ સ્વરૂપ લીધું હતું. આગ લાગ્યા બાદ ફેક્ટરીની અંદર રહેલા LPG સિલિન્ડરમાં જોરદાર બ્લાસ્ટ થયા હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે, જેના કારણે આગ વધુ ઝડપથી ફેલાઈ હતી. જેના કારણે જોતજોતામાં આસપાસની અન્ય ૪ ફેક્ટરીઓને પણ પોતાની ઝપેટમાં લઈ લીધી હતી. ત્યારે ફેક્ટરીઓમાં લાગેલી આગને કારણે લાખો રૂપિયાનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હોવાની આશંકા છે.

હાલમાં સાંતેજ અને આસપાસના સ્થાનિક ફાયર ફાઈટરો ઘટનાસ્થળે પહોંચી ગયા છે, પરંતુ આગ કાબૂ બહાર હોવાથી તાકીદે અમદાવાદ ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી છે. હાલમાં અમદાવાદ ફાયર વિભાગની ૬ જેટલી ગાડીઓ અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવા માટે યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યો છે.

હાલ આ ઘટનામાં રાહતની વાત એ છે કે, આ ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિ કે કોઈ વ્યક્તિ ઘાયલ થયા હોવાના સમાચાર સામે આવ્યા નથી. ત્યારે હાલ ફાયર વિભાગના જવાનો દ્વારા ચારેય બાજુથી પાણીનો મારો ચલાવીને આગને વધુ ફેલાતી અટકાવવાના સનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી સત્તાવાર રીતે જાણી શકાયું નથી, પરંતુ હાલ પ્રાથમિકતા આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવાની છે.

### નસવાડી તાલુકાના ગામડાની બદતર હાલત

# ધમધોખતા તાપમાં મહિલાઓની પાણી માટે ૨ કિલોમીટરની પદયાત્રા

નર્મદા મૈયા' આખા ગુજરાતની જીવાદોરી ગણાય છે અને તેના પાણી નર્મદા કેનાલ મારફતે છેક સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પહોંચાડવામાં આવે છે. પરંતુ નર્મદા નદીના કાંઠે જ વસેલા છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના એક આદિવાસી ફળિયામાં સરકારી વિકાસના તમામ દાવાઓ પોકળ સાબિત થયા છે. નસવાડીના છોટીઉમર ગામના પટુલી ફળિયાના ૨૦૦થી વધુ લોકો ઉનાળામાં પીવાના પાણીના એક-એક ટીપા માટે વલખાં મારી રહ્યા છે. હેડપંપો અને બોરના તળ ઊંડા જતાં લોકો નદીમાં વીરડા (ખાડા) ખોદીને દૂષિત પાણી પીવા અને પશુઓને પીવડાવવા મજબૂર બન્યા છે.

મળતી માહિતી અનુસાર, છોટીઉમર ગામનું પટુલી ફળિયું એ તાલુકાના છેવાડાના વિસ્તારનું છેલ્લું ફળિયું છે. સરકારની 'નલ સે જલ' યોજના હેઠળ પાણી પુરવઠા વિભાગ દ્વારા અહીં મોટો સંપ બનાવવામાં આવ્યો છે અને ઘરે-ઘરે નળ કનેકશન પણ બેસાડી દેવાયા છે. સરકારી ચોપડે કદાચ આ ફળિયામાં પાણી પહોંચી ગયું હશે, પણ વાસ્તવિકતા એ છે કે નળ કનેક્શન નંખાયાના આજદિન સુધી તેમાં પાણીનું એક ટીપું પણ આવ્યું નથી. ઉનાળાની શરૂઆત થતાં જ ફળિયામાં આવેલા હેડપમ્પ અને બોરના જળસ્તર સાવ નીચા જતા રહ્યા છે, જેના કારણે આખું ફળિયું પાણી વિહોણું બની ગયું છે.

ભયાનક પાણીની તંગી વચ્ચે આ પટુલી ફળિયાની મહિલાઓની હાલત સૌથી વધુ કફોડી બની છે.

આ ધોમધખતા ૪૫ ડિગ્રી જેવા તાપમાં મહિલાઓ માથે બેડાં લઈને એકથી બે કિલોમીટર દૂર આવેલા કૂવાઓ પર પાણી ભરવા માટે પગપાળા જવા મજબૂર બની છે. કૂવા સિવાય જેમને પાણી નથી મળતું, તેઓ નર્મદા નદીના સુકાઈ ગયેલા પટમાં જઈને હાથથી 'વીરડો' (નાનો ખાડો) ખોદે છે અને કલાકો સુધી તેની અંદર ઝરતું પાણી ગાળીને પીવા માટે ઉપયોગમાં લે છે.

ગ્રામજનોનો આક્ષેપ છે કે પાણીની આ ગંભીર સમસ્યા અંગે પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. આમ છતાં, એસી કેબિનમાં બેસતા એક પણ અધિકારીએ આજદિન સુધી આ છેવાડાના ગામની મુલાકાત લેવાની તસ્દી સુધ્ધાં લીધી નથી.

આ આદિવાસી વિસ્તારના લોકો મુખ્યત્વે પશુપાલન પર નિર્ભર છે. ઘરમાં પોતાના માટે પીવાનું પાણી નથી, ત્યારે પશુઓને ક્યાંથી પીવડાવવું? આ મોટી આફત સામે આવતા પશુ માલિકોએ એક અતિશય લાચારીભર્યો નિર્ણય લીધો છે. પશુઓ તરસ્યા ન મરે તે માટે માલિકોએ પોતાના ગાય અને ભેંસોને ખીલેથી છોડીને ખુલ્લા મૂકી દીધા છે. આ અબોલ પશુઓ પાણીની શોધમાં આપમેળે નર્મદા કિનારે પહોંચી જાય છે અને ત્યાં નદીનું પાણી પીને ગુજારો કરે છે. પશુ માલિકો ઉનાળાના આ બે મહિના સુધી પશુઓને ઘરે બાંધતા જ નથી.એક તરફ ડિજિટલ ઇન્ડિયા અને વૈશ્વિક વિકાસની ગુલબાંગો ફૂંકવામાં આવે છે, ત્યારે નર્મદાના કાંઠે જ તરસ્યા રહેતા આ ૨૦૦ આદિવાસીઓનો વિકાસ ક્યાંક રૂંધાઈ ગયો હોય તેમ સ્પષ્ટ દેખાય છે.

હવે જોવું એ રહ્યું કે મીડિયામાં અહેવાલ આવ્યા બાદ કુંભકર્ણની નિદ્રામાં પોઢેલું પાણી પુરવઠા તંત્ર જાગે છે કે પછી આ ગરીબ આદિવાસીઓએ આખો ઉનાળો વીરડાનું ગંદુ પાણી પીને જ વિતાવવો પડશે.

## હેડપંપો અને બોરના તળ ઊંડા જતાં લોકો નદીમાં વીરડા (ખાડા) ખોદીને દૂષિત પાણી પીવા અને પશુઓને પીવડાવવા મજબૂર બન્યા છે

# થિયેટરના સંચાલકોએ બિલ્ડર સાથે કરી ૨.૪૨ કરોડની છેતરપિંડી

અમદાવાદ, તા.૨૨



નવરંગપુરામાં કન્સ્ટ્રક્શન કંપની ધરાવતા બિલ્ડર સાથે કરોડો રૂપિયાની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. આરાધના-અપ્સરા થિયેટરના સંચાલકો સહિત પાંચ શખ્સોએ મિલકત વેચાણનો સોદો કર્યા બાદ બિલ્ડર પાસેથી એડવાન્સના રૂપિયા ૨.૪૨ કરોડ ખંખેરી લીધા હતા. જોકે, બાદમાં ડીલ કેન્સલ કરીને રૂપિયા પરત ના કરતા, ભોગ બનનાર બિલ્ડરે CID ક્રાઈમના અમદાવાદ યુનિટમાં આ તમામ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે.

બોડકદેવના પુષ્પવન એપાર્ટમેન્ટમાં રહેતા અને નવરંગપુરામાં ઓફિસ ધરાવતા ભાવેશભાઈ જાનીએ ચાંગોદરના આરજી સિટી મોલમાં મલ્ટિપ્લેક્સ બનાવ્યું હતું. આ બિલ્ડિંગની ખરીદી માટે મણિનગરના મનુભાઈ શાહ, વીરેન્દ્ર શાહ, જીતેન્દ્ર શાહ અને બિંદેશ શાહ તેમની પાસે આવ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે તેઓ ઓઢવનું આમ્રપાલી અને મણિનગરનું અપ્સરા-આરાધના થિયેટર જે ૯૮ વર્ષના ભાડા પટ્ટે છે તે વેચીને મલ્ટિપ્લેક્સ ખરીદશે. આ સાંભળીને ભાવેશભાઈને આ મિલકતો પસંદ આવતા તેમણે જ બંને થિયેટર ૧૨ કરોડમાં ખરીદવાની ઓફર આપી હતી અને બાનાખત પેટે ૭૨ લાખ રોકડા તેમજ ૧.૭૦ કરોડ ચેક મારફતે એમ કુલ ૨.૪૨ કરોડ રૂપિયા આરોપીઓને ચૂકવ્યા હતા.

આ રકમનું પેમેન્ટ કર્યા બાદ જ્યારે ભાવેશભાઈએ દસ્તાવેજ અને લખાણ કરવાનું કહ્યું, ત્યારે મનુભાઈએ અન્ય ભાગીદારોની લેખિત મંજૂરીનું બહાનું કાઢીને સમય પસાર કર્યો હતો. થોડા દિવસો બાદ બિલ્ડરને જાણવા મળ્યું હતું કે આરોપીઓએ આ મિલકત મહંમદ ફારૂક શેખ નામના અન્ય વ્યક્તિને બારોબાર વેચી દીધી છે. જ્યારે ભાવેશભાઈએ પોતાના ફસાયેલા નાણાં પરત માંગ્યા ત્યારે આરોપીઓએ તેમને ધાક-ધમકીઓ આપીને પૈસા પાછા આપવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો. હાલમાં આ મામલે ક્રૈંઇમે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

### ૫૫૦ કિલો અખાદ્ય માવાના જથ્થાનો સ્થળ પર જ નાશ કરાયો

# તલોદના રોઝડ ગામમાંથી ૨૫૪૮ કિલો ભેળસેળયુક્ત માવો જપ્ત કરાયો

ગાંધીનગર, તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રોઝડ ગામમાં આવેલી 'ભોલેનાથ ડેરી' પર ફ્લાઈંગ સ્કોડ દ્વારા ઓચિંતી તપાસ કરીને મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ખૂબ જ ગંદકી વચ્ચે બનેલા ૫૫૦ કિલો અખાદ્ય માવાનો સ્થળ પર જ નાશ કરાયો હતો જ્યારે ૨,૫૪૮ કિલો ભેળસેળયુક્ત માવો જપ્ત કરી ડેરીનું ફૂડ લાઇસન્સ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે. આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ આ કાર્યવાહી અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ગાંધીનગર ફ્લાઈંગ સ્કોડને મળેલી ચોક્કસ બાતમીના આધારે રોઝડ ગામની ભોલેનાથ ડેરી પર અચાનક દરોડા પાડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ ડેરીમાં મોટા પાયે ભેળસેળવાળો માવો બનાવવામાં આવતો હતો. આ ઉપરાંત, કોઈપણ પ્રકારના જરૂરી લાયસન્સ વગર જ સ્વીટ બરફીનું ગેરકાયદે ઉત્પાદન પણ થતું હતું.મંત્રીએ વધુમાં જણાવ્યું કે, ફૂડ સેફ્ટી અધિકારીઓએ સ્થળ પરથી કાયદેસરની કાર્યવાહી કરીને ખુલ્લા માવા તથા બરફીના નમૂના લીધા હતા, જેને લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. આ સાથે ડેરીમાંથી અંદાજે રૂ. ૫.૧૦ લાખની કિંમતનો ૨,૫૪૮ કિલોગ્રામ ભેળસેળયુક્ત માવાનો જથ્થો જપ્ત (સીઝ) કરવામાં આવ્યો છે.તેમણે ઉમેર્યું કે, તપાસ દરમિયાન ડેરીમાં અત્યંત ગંદકી જોવા મળી હતી. આવી ખરાબ પરિસ્થિતિમાં બનાવેલો અન્ય ૫૫૦ કિલોગ્રામ માવો લોકોના સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોવાથી, તેનો સ્થળ પર જ તાત્કાલિક નાશ કરવામાં આવ્યો હતો. નિયમોના ભંગ બદલ કડક પગલાં લેતા વિભાગ દ્વારા ભોલેનાથ ડેરીને 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ' હેઠળ ઇમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારવામાં આવી છે. વધુમાં આ પેઢીનું ફૂડ લાયસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાયું છે. લેબોરેટરીમાંથી સેમ્પલનો રિપોર્ટ આવ્યા બાદ આ ડેરી સામે આગળની કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

